ગુજરાત સમાચાર , પાના નંબર :- ૦૪

તારીખ :- ૦૩/૦૫/૨૦૨૬

## ગુજરાત-બેંગાલુરની આઇપીએલ મેચ દરમિયાન

# મેટ્રો ટ્રેનમાં એક જ દિવસમાં રેકોર્ડ ૨.૨૫ લાખ મુસાફરો

અમદાવાદ,શનિવાર

અમદાવાદની મેટ્રો રેલમાં એક જ દિવસમાં રેકોર્ડ ૨.૨૫ લાખ મુસાફરોની અવર-જવર નોંધાઇ છે. ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ગુરુવારે અમદાવાદ ખાતે ગુજરાત ટાઇટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલોર વચ્ચેની મેચ દરમિયાન મેટ્રોમાં એક જ દિવસમાં સૌથી વધુ મુસાફરોનો આ રેકોર્ડ નોંધાયો હતો.

## એક દિવસમાં સૌથી વધુ મુસાફરોનો અગાઉનો ૨.૨૧ લાખનો રેકોર્ડ વર્લ્ડકપ મેચ વખતે થયો હતો

મેટ્રો ટ્રેનમાં એક જ દિવસમાં સૌથી વધુ મુસાફરોનો અગાઉનો રેકોર્ડ આ વર્ષે ૧૮ ફેબ્રુઆરીના ટ્વેન્ટી૨૦ વર્લ્ડકપમાં ભારત-નેધરલેન્ડ્સની મેચ દરમિયાન નોંધાયો હતો.

જેમાં ૨.૨૧ લાખ મુસાફરોની અવર-જવર નોંધાઇ હતી. આ સિવાય ૨૫ જાન્યુઆરી ૨૦૨૫ના કોલ્ડ પ્લે વખતે ૨.૧૬ લાખ, ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૫ના ભારત-દક્ષિણ આફ્રિકાની ટ્વેન્ટી૨૦ મેચ દરમિયાન ૨.૧૩ લાખ મુસાફરો નોંધાયા હતા.

અમદાવાદ મેટ્રોમાં આ વર્ષે જાન્યુઆરીમાં ૪૭.૭૦ લાખ, ફેબ્રુઆરીમાં ૪૫.૩૧ લાખ અને માર્ચમાં ૪૪.૨૮ લાખ મુસાફરોની અવર-જવર નોંધાઇ છે.